૩૦૮

# :: પ્રેસનોટ ::

## "અલુણાવ્રત ઉજવણી નિમિત્તે મહેંદી, આરતી શણગાર અને ગોરમાગીત સ્પર્ધા"

વિષય : અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૬ થી ૮ જુલાઈ ૨૦૧૭ દરમ્યાન યોજાનાર મહેંદી, આરતી શણગાર અને ગોરમાગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત્ત ઉજવણી નિમિત્તે તા.૦૬/૦૭/૨૦૧૭ થી તા.૦૮/૦૭/૨૦૧૭ દરમ્યાન નીચે મુજબની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવનાર છે.

| ક્રમ | તારીખ / વાર | સમય | સ્પર્ધા / વિભાગ | વિભાગ | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | ૦૬/૦૭/૨૦૧૭ ગુરૂવાર | સવારે ૯.૦૦ કલાકે | મહેંદી સ્પર્ધા | પ્રાથમિક વિભાગ | મલ્ટી પર્પઝ હોલ, વાળીનાથ ચોકથી સીંગણપોર રોડ, બેંક ઓફ બરોડાની આગળ, સીંગણપોર, કતારગામ, સુરત |
| | | બપોરે ૧૨.૦૦ કલાકે | | માધ્યમિક વિભાગ | |
| | | બપોરે ૩.૦૦ કલાકે | | ખુલ્લો વિભાગ | |
| ૨ | ૦૭/૦૭/૨૦૧૭ શુક્રવાર | બપોરે ૩.૦૦ કલાકે | આરતી શણગાર સ્પર્ધા | પ્રાથમિક અને માધ્યમિક વિભાગ | ડો.શ્યામાપ્રસાદ મુખરજી હોલ, આઈમાતા સર્કલ પાસે, ડી.આર.વર્લ્ડની સામે, મગોબ, ડુંભાલ, સુરત |
| ૩ | ૦૮/૦૭/૨૦૧૭ શનિવાર | સવારે ૧૧.૦૦ કલાકે | ગોરમાગીત સ્પર્ધા | પ્રાથમિક વિભાગ | પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત. |

અલુણાવ્રત નિમિત્તે યોજાનાર સ્પર્ધાઓમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને નિમંત્રણ છે.

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ

**જયાપાર્વતી વ્રત (અલુણાવ્રત) નિમિત્તે બાગોમા પ્રવેશ બાબત.**

સુરત મહાનગરપાલિકા હસ્તકના નીચે જણાવેલ બાગોમા જયાપાર્વતીવ્રત નિમિત્તે તા.૦૭/૦૭/૧૭ થી તા.૧૧/૦૭/૧૭ સુધી નીચે જણાવેલ બાગોમા બપોરે ૦૩:૦૦ થી રાત્રે ૧૧:૦૦ કલાકે બાગ બંધ થાય ત્યાં સુધી ફકત બહેનો/ નાના બાળકો/ બાલીકાઓને/ વરિષ્ઠ નાગરીકો ને જ દાખલ થવા દેવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| | | **સેન્ટ્રલ** | |
| 1 | ગાંધીબાગ– ચોક | 2 | કવિશ્રી જંયત પાઠક ક્રિડાંગણ સગરામપુરા |
| 3 | સ્નેહ મિલન બાગ – ટીમલીયા વાડ | | |
| | | **વેસ્ટ** | |
| 4 | નેતાજી સુભાષચંદ્રબોઝ ઉધાન–રાંદેર | 5 | મોરારજીભાઈ દેસાઈઉધાન–અડાજણ |
| 6 | જયોતિન્દ્ર દવે ઉધાન–જોગાણી નગર | 7 | સોમેશ્વર મહાદેવ બાગ–પાલ |
| 8 | પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઉધાન રાંદેર | 9 | અડાજણ ચિલ્ડ્રન પાર્ક, ન્યુ રાંદેર ઝોન ઓફિસ રોડ |
| 10 | કવિ કલાપિ ગાર્ડન, અડાજણ ગામ | 11 | રોઝ ગાર્ડન, જહાંગીરપુરા |
| 12 | એકઝોરા ગાર્ડન, શ્રેણીકપાર્ક સોસાયટી | 13 | પામ ગાર્ડન, રાજહંસ એપલની પાછળ, પાલનપુર |
| | | **સાઉથ વેસ્ટ** | |
| 14 | લેકવ્યુ ગાર્ડન–પીપલોદ | 15 | સિધ્ધરાજ જયસિંહ સોલંકી ઉધાન અલથાણ |
| 16 | જવાહરલાલ નહેરુ ઉધાન અઠવાલાઈન્સ | 17 | મહારાજા અગ્રેસન ઉધાન–સીટી લાઈટ |
| 18 | સરોજીની નાયડુ ઉધાન–ઉમરા | 19 | કવિશ્રી નવલરામ પંડયા ફલોરા પાર્ક, ઉમરા |
| 20 | સ્વામી વિવેકાનંદ ઉધાન–જીવકોરનગર | 21 | શ્રી ગૌરીશંકર જોષી ઉધાન, વેસુ ટાંકીની બાજુમાં |
| 22 | ખજોદ લેક ગાર્ડન, ખજોદ ગામ | 23 | મકરંદ દવે ઉધાન, માનસરોવર બંગ્લોઝની સામે, ભીમરાડ |
| | | **સાઉથ** | |
| 24 | ઝાંસી કી રાણી લક્ષ્મીબાઈ ઉધાન ઉધના | 25 | સ્વ. શ્રી નવિનચંદ મફતલાલ ઉધાન – ભેસ્તાન |
| 26 | ઉમીયામાતા ઉધાન,ખરવરનગર | 27 | ઉન લેક ગાર્ડન, ઉન ગામ |
| 28 | ખટોદરા લેક ગાર્ડન, ખટોદરા બી.આર.ટી.એસ.રૂટ પાસે | | |
| | | **સાઉથ ઈસ્ટ** | |
| 29 | મહર્ષી આસ્તિક ઋષિ લેક ગાર્ડન, ગોડાદરા ગામતળ | 30 | ડૉ.રાજેન્દ્ર પ્રસાદ ઉધાન, કરાડવા રોડ, ડીંડોલી |
| | | **ઈસ્ટ** | |
| 31 | મહારાણા પ્રતાપ ઉધાન –વરાછા | 32 | પુષ્ટિ ઉધાન, – મગોબ |
| 33 | ઝવેરચંદ મેઘાણી ઉધાન – વરાછા | 34 | શહીદ વીર ભગતસીંહ ઉધાન ત્રિકમ નગર |
| 35 | મોટા વરાછા લેક ગાર્ડન, સુદામા ચોકની બાજુમા | 36 | ટી.પી.સ્કીમ નં.૬૪(ડુંભાલ–મગોબ), ફા.પ્લોટ નં.૧૩૩ (આર–૭), લેન્ડમાર્ક ટેક્ષટાઈલ્સ માર્કેટ પાછળ, મોર્ડન ટાઉનશીપ પાસે |
| | | **નોર્થ** | |
| 37 | વીર સાવરકર ઉધાન – કતારગામ | 38 | ડૉ.શ્યામાપ્રસાદ મુખરજી લેક ગાર્ડન–કતારગામ |
| 39 | પ્રેમાનંદ ઉધાન – સીંગણપોર | 40 | કોસાડ લેક ગાર્ડન, કોસાડ ગામ |
| 41 | ઉત્રાણ લેક ગાર્ડન , ઉત્રાણ ગામ | 42 | સંત શ્રી તુકારામ ઉધાન, ગોવિંદજી હોલ પાસે, ડભોલી |
| 43 | ફ્રેગરન્સ ગાર્ડન, પ્લેટીનમ પાર્કની સામે, કતારગામ | | |

જનસંપર્ક વિભાગ
સુરત ... તરફથી સાદર
સમાચાર ... 0309
તા.૦૭-૦૭-૨૦ ૧૭

**"પબ્લિક સર્વિસ ડે"** નિમિત્તે તા.૩૦/૦૬/૧૭નાં રોજ મોટી હોટલ/રેસ્ટોરન્ટમાં OWC મશીન મુકવા અંગે જાગૃતિ અભિયાન હાથ ધરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જૂન ૨૦૧૭ની તા.૨૩/૦૬/૧૭નાં રોજ **"પબ્લિક સર્વિસ ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૩૦/૦૬/૧૭નાં રોજ મોટી હોટલ/રેસ્ટોરન્ટમાં OWC મશીન મુકવા અંગે જાગૃતિ અભિયાન હાથ ધરાવવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૩૦/૦૬/૧૭નાં રોજ દરેક ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી દ્વારા આરોગ્ય વિભાગનાં સુપરવાઈઝર સ્ટાફ તથા હોટલ રેસ્ટોરન્ટનાં એસોસીએશન પ્રમુખ, સેક્રેટરી તેમજ રેસ્ટોરન્ટનાં વહીવટકર્તાઓની સંયુકત ટીમો બનાવી ઝોનમાં આવેલ મોટી રેસ્ટોરન્ટમાંથી નીકળતો જૈવીક કચરો, એઠવાડ વિગેરે કચરાનાં નિકાલ માટે રેસ્ટોરન્ટમાં OWC મશીન મુકવા માટેની જાગૃતિ લાવવા માટેનું અભિયાન ઉપરોકત ટીમ ધ્વારા હાથ ધરી મોટી રેસ્ટોરન્ટમાં માલિક, વહીવટકર્તાને OWC મશીન મુકાવવા માટેનું આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

| ઝુંબેશ દરમ્યાન OWC મશીન મુકાવવા માટે આવરી લીધેલ હોટલ/રેસ્ટોરન્ટની સંખ્યા | સુપરવાઈઝર | હોટલ, રેસ્ટોરન્ટ, વહીવટકર્તા, પ્રમુખ,સેક્રેટરીની સંખ્યા | પ્રજાજનોની સંખ્યા |
|---|---|---|---|
| ૭૨ | ૨૨ | ૪૫ | ૩૨ |

વધુમાં સ્વચ્છતા ઝુંબેશમાં ભાગ લેનાર સ્ટાફ, હોટલ, રેસ્ટોરન્ટ, માલિકો, વહીવટકર્તા તથા આજુ બાજુનાં રહીશોને સુકો/ભીનો કચરો અલગ–અલગ ડસ્ટબીનમાં રાખવા તેમજ સ્વચ્છતા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ પણ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

**"ઈન્ટ.કો.ઓ.ડે"** નિમીતે સરકારશ્રી દ્વારા તા.૦૧/૦૭/૧૭નાં રોજ ઝોનનાં મુખ્ય માર્ગ પર પ્રભાત ફેરીનું આયોજન તથા સોસાયટીની સફાઈ ઝુંબેશ તથા સેગ્રીગેશન ઓફ વેસ્ટ અંગેની જાણકારી આપવી અને ડ્રાય ડે મચ્છર નાશકની કામગીરી કરવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી ગુજરાત કરવા ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

"સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત તા.૦૪/૦૭/૧૭નાં રોજ **"ઈન્ટ.કો.ઓ.ડે"** નિમિતે તા.૦૧/૦૭/૧૭નાં રોજ પ્રભાત ફેરીનું આયોજન તથા મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય ત્યાં ડ્રાય ડેની કામગીરી કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૧/૦૭/૧૭નાં રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોનનાં આરોગ્ય અધિકારીશ્રી દ્વારા વી.બી.ડી.સી./ આરોગ્યનો સ્ટાફ તેમજ NGOનાં પ્રતિનિધિઓની સંયુકત ટીમો બનાવી ઝોનમાં નિયત કરેલ સ્થળથી બેનર, પોસ્ટરો તેમજ પેમ્પલેટ વિગેરે આપી ઉપરોકત ટીમોની પ્રભાત ફેરીની રેલી કાઢી પ્રજાજનોમાં સુકા/ભીના કચરાને અલગ–અલગ ડસ્ટબીનમાં રાખવા માટેની જનજાગૃતિ લાવવા માટેનું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારબાદ મેલેરીયા અને ડેન્ગ્યુના પોઝીટીવ કેસ જે પોકેટ માંથી મળતા હોય તે વિસ્તારમાં મહાસફાઈ અભિયાન તથા મચ્છરજન્ય રોગોને નિયંત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરા ડોમેસ્ટીકની કામગીરી કરાવી ઉત્પતિ સ્થાનો શોધી મચ્છરનો નાશ કરવાની કામગીરી કર્યા બાદ જંતુનાશક દવા/પાઉડરનો છંટકાવ કરવામાં આવેલ હતો.

| પ્રભાત ફેરીની સંખ્યા | સર્વે કરેલ ઘર | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટ | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટ | ડ્રાય કરેલ પાત્રો | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૩૮,૦૯૮ | ૮૭,૦૨૮ | ૫૧૫ | ૧૨,૨૮૨ | ૧૨૪૦ | ૩૪૧૫ | ૧૮૯ | ૭૬,૫૫૦ | ૮૭ | ૩૫,૨૮૩ | ૧૯,૫૮૦ |

વધુમાં પાણી ભરેલા પાત્રો પર કપડા/હવા ચુસ્ત ઢાકણ વડે બંધ કરાવી સદર સ્થળે વસવાટ કરતાઓને તે અંગેની સમજ/સુચના આપવામાં આવી તેમજ તેઓને સ્વચ્છતા/મચ્છરનાં ઉતપત્તિ સ્થાન અંગે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"**અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

## :: પ્રેસનોટ ::

### "અલુણાવ્રત ઉજવણી નિમિત્તે મહેંદી, આરતી શણગાર અને ગોરમાગીત સ્પર્ધા"

વિષય : અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૬ થી ૮ જુલાઈ ૨૦૧૭ દરમ્યાન યોજાનાર મહેંદી, આરતી શણગાર અને ગોરમાગીત સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત ઉજવણી નિમિત્તે તા.૦૬/૦૭/૨૦૧૭ થી તા.૦૮/૦૭/૨૦૧૭ દરમ્યાન નીચે મુજબની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવનાર છે.

| ક્રમ | તારીખ / વાર | સમય | સ્પર્ધા / વિભાગ | વિભાગ | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | ૦૬/૦૭/૨૦૧૭ ગુરૂવાર | સવારે ૯.૦૦ કલાકે | મહેંદી સ્પર્ધા | પ્રાથમિક વિભાગ | મલ્ટી પર્પઝ હોલ, વાળીનાથ ચોકથી સીંગણપોર રોડ, બેંક ઓફ બરોડાની આગળ, સીંગણપોર, કતારગામ, સુરત |
| | | બપોરે ૧૨.૦૦ કલાકે | | માધ્યમિક વિભાગ | |
| | | બપોરે ૩.૦૦ કલાકે | | ખુલ્લો વિભાગ | |
| ૨ | ૦૭/૦૭/૨૦૧૭ શુક્રવાર | બપોરે ૩.૦૦ કલાકે | આરતી શણગાર સ્પર્ધા | પ્રાથમિક અને માધ્યમિક વિભાગ | ડો.શ્યામાપ્રસાદ મુખરજી હોલ, આઈમાતા સર્કલ પાસે, ડી.આર.વર્લ્ડની સામે, મગોબ, ડુંભાલ, સુરત |
| ૩ | ૦૮/૦૭/૨૦૧૭ શનિવાર | સવારે ૧૧.૦૦ કલાકે | ગોરમાગીત સ્પર્ધા | પ્રાથમિક વિભાગ | પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત. |

અલુણાવ્રત નિમિત્તે યોજાનાર સ્પર્ધાઓમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને નિમંત્રણ છે.

સમાચારયાદી નં. 0312 , તા.૦૪/૦૭/૨૦૧૭, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

**"ઈન્ટ.કો.ઓ.ડે"** નિમિત્તે તા.૦૩/૦૭/૧૭નાં રોજ દરેક આરોગ્ય વોર્ડ ઓફિસમાં આવતી અનુદાનવાળી સોસાયટીમાં સાફસફાઈ તથા સેગ્રીગેશન ઓફ વેસ્ટ અંગે પ્રચાર પ્રસાર કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જુલાઈ ૨૦૧૭ની તા.૦૪/૦૭/૧૭નાં રોજ **"ઈન્ટ.કો.ઓ.ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૩/૦૭/૧૭નાં રોજ દરેક આરોગ્ય વોર્ડ ઓફિસમાં આવતી અનુદાનવાળી સોસાયટીમાં સાફસફાઈ તથા સેગ્રીગેશન ઓફ વેસ્ટ અંગે પ્રચાર પ્રસાર કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૩/૦૭/૧૭નાં રોજ તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ધ્વારા આરોગ્ય, N.G.O., કોર્પોરેટર કંપનીઓ અને સ્વૈચ્છિક સંસ્થાની સંયુકત ટીમો બનાવી ઝોન/વોર્ડમાં અનુદાન મેળવતી સોસાયટીમાં પ્રમુખ, સેક્રેટરી, વહીવટકર્તાઓનો આ ટીમ દ્વારા સંપર્ક કરી સોસાયટીનાં રોકવામાં આવેલ કોન્ટ્રાકટ કામદાર અને આરોગ્ય સ્ટાફની ટીમ દ્વારા સોસાયટીમાં ધનિષ્ઠ સાફ–સફાઈ કરાવી કચરો–કચરા મિશ્રીત માટીનાં ઢગલાંઓનો નિકાલ કરાવી જંતુનાશક પાઉડરનો છંટકાવ કરાવ્યા બાદ આ ટીમ દ્વારા સોસાયટીમાં આવેલ સભ્યોનાં ઘરોમાંથી સુકા/ભીના કચરાનું સેગ્રીગેશન કરી અલગ–અલગ ડસ્ટબીનમાં રાખવા તેમજ આ કચરાને ડોર ટુ ડોર નાં વાહનને અલગ–અલગ આપવા માટેનું આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

| અનુદાન મેળવતી સોસાયટીની સંખ્યા | સફાઈ ઝુંબેશમાં ભાગ લેનાર | | | | નિકાલ કરેલ કચરો (મે.ટન) |
|---|---|---|---|---|---|
| | સુપરવાઈઝર | સ.કા/કોન્ટ્રાકટ કામદાર | N.G.O., સ્વૈચ્છિક સંસ્થા | સેગ્રીગેશન અંગે સમજ આપેલ કુંટુંબની સંખ્યા | |
| ૨૯૮ | ૬૮ | ૩૪૯ | ૫૭ | ૪૪૭૦ | ૬૪૦ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૩૧૪

<u>સુરત મહાનગરપાલિકા</u>

<u>યુ.સી.ડી. વિભાગ</u>

<u>અખબારી યાદી</u>

<u>સુરત મહાનગરપાલિકાના વરાછા ઝોન વિસ્તારમાં તા.૦૫/૦૭/'૧૭ ના રોજ સેવાસેતુ કાર્યક્રમની કામગીરી કરવામાં આવનાર છે.</u>

**<u>વિષય</u> :- તા.૦૫/૦૭/'૧૭ ને બુધવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન ૩-વરાછા-સરથાણા–સીમાડા, ૪-કાપોદ્રા, વલ્લભાચાર્ય કોમ્યુનીટી હોલ, વલ્લભાચાર્ય રોડ, ટી.પી.નં.૧૫ એફ.પી.નં.૧૧૧/એ, (અશ્વનીકુમાર થી હીરાબાગરોડ ,બી.આર.ટી.એસ.) ,વરાછા, સુરત ખાતે યોજાનાર "સેવાસેતુ" કાર્યક્રમ બાબત.**

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવુતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય તે માટે તા.૦૫/૦૭/'૧૭ ને બુધવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન ૩-વરાછા-સરથાણા–સીમાડા, ૪-કાપોદ્રા, વલ્લભાચાર્ય કોમ્યુનીટી હોલ, વલ્લભાચાર્ય રોડ, ટી.પી.નં.૧૫ એફ.પી.નં.૧૧૧/એ, (અશ્વનીકુમાર થી હીરાબાગરોડ ,બી.આર.ટી.એસ.), વરાછા, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, માં અમૃતમ, માં વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વુધ્ધ સહાય, દીવ્યાંગતા પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકેબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના, સમાજકલ્યાણ વિભાગની યોજના, વિગેરે અંગે લોકોની રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/વિસ્તારના શહેરીજનોને અપીલ છે.

# " મચ્છરની ઉત્તપત્તિ માટે જવાબદાર હોસ્પીટલો તેમજ બાંધકામો સેન્ટ્રલઝોન, વી.બી.ડી.સી.વિભાગ,સુરત મહાનગર પાલિકાની ઘનિષ્ઠ ઝુંબેશ "

હાલની ચોમાસાની ઋતુ દરમ્યાન મચ્છરજન્ય રોગોની પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં રહે તે માટે સેન્ટ્રલઝોન,વીબીડીસી વિભાગ કાર્યક્ષેત્ર હેઠળનાં વિસ્તારમાં આવેલ કુલઃ– ૧૦૪ હોસ્પીટલો તેમજ કુલઃ–૫૭ બાંધકામોમાં ઘનિષ્ઠ ઝુંબેશ કરી મચ્છરજન્ય સર્વે હાથ ધરવામાં આવેલ. સદર સર્વે દરમ્યાન મચ્છરજન્ય રોગોની માટે જવાબદાર એવા કુલઃ–૪૭ ઈસમોને આરોગ્ય રક્ષણ સંબંધિ નોટીસ આપવામાં આવેલ છે અને (૧) અક્ષર હોસ્પીટલ,સીનેમારોડ રૂા.૧૦,૦૦૦/–(૨)લોર્ડસ પ્લાઝા હોટલ રૂા.૩,૦૦૦/–(૩) ઉત્સવભાઈ મોદી,નવસારી બજારને રૂા.૫,૦૦૦/–(૪) રાજેશ અગ્રવાલ,બેગમપુરા રૂા.૧૦,૦૦૦/– (૫) નઝીરભાઈ,મોતી ટોકીઝ રૂા.૫,૦૦૦/– (૬) શબ્બીરભાઈ લોખંડવાલા રૂા.૬,૦૦૦/– (૭) કાસીમ જરીવાલા,આંબાવાડી રૂા.૪,૦૦૦/– (૮) દિપકભાઈ મોરે,ભરૂચાવાડી રૂા.૧,૫૦૦/– (૯) નાથાણી કોર્પોરેશન,ઈચ્છાડોસીની વાડી રૂા.૩,૦૦૦/– (૧૦) ઋજુલ હોસ્પીટલ રૂા.૫,૦૦૦/– (૧૧) અમરદીપ હોસ્પીટલ રૂા.૩,૦૦૦/– (૧૨) આયુષ હોસ્પીટલ રૂા.૧,૧૦૦/– (૧૩) ખાડીશેરી,બાંધકામ રૂા.૩,૦૦૦/– (૧૪) અમીકૃપા હોસ્પીટલ રૂા.૭,૦૦/– (૧૫) આનંદ હોસ્પીટલ રૂા.૧,૦૦૦/– (૧૬) રશ્મી એપાર્ટ સામે બાંધકામ રૂા.૨,૦૦૦/– (૧૭) સૂર્યકિરણ એપાર્ટ સામે બાંધકામ રૂા.૨,૦૦૦/– (૧૮) હલીમા હોસ્પીટલ રૂા.૫૦૦/– (૧૯) સલીમભાઈ શેખ,રૂસ્તમપુરા રૂા.૨,૦૦૦/– (૨૦) લીલા હેલ્થકેર રૂા.૫,૦૦૦/– એમ કુલઃ–૨૦ ઈસમો પાસેથી કુલઃ– ૭૦,૮૦૦/– નો વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

ટેક્ષટાઈલ સિટી, સિલ્ક સિટી, ડાઈમંડ સિટી, બ્રીજ સિટી જેવા ઘણા બધા નામોથી ઓળખાતા સુરતમાં સંસ્કૃતિ તથા કલાને લગતી કલાકૃતિઓ / સ્કલ્પચરો પ્રદર્શિત કરી શકાય તથા જાહેર સ્થળો / રસ્તાઓનું બ્યુટીફીકેશન થઈ શકે તે હેતુથી "સુરત સ્ક્રેપ સ્કલ્પચર સીમ્પોઝીયમ– ૨૦૧૭" નું આયોજન કરવામાં આવેલ છે. સુરત શહેરમાં પ્રાથમિક સુવિધાઓ / સ્ટ્રકચરો વિગેરેની કામગીરી દરમ્યાન ઉત્પન્ન થતો મેટલ વેસ્ટ ભંગાર હાલતમાં પડી રહે છે અને તેનો સ્ક્રેપ તરીકે નિકાલ કરી દેવામાં આવે છે. આવા સ્ક્રેપનો સદુપયોગ કરીને તેમાંથી જુદા જુદા પ્રકારના મેટલ સ્કલ્પચર બનાવવા માટે આ વર્કશાપનું આયોજન કરવામાં આવેલ છે.

શહેરના જુદા જુદા વિસ્તારોમાં સુરત મહાનગરપાલિકાના હાઈડ્રોલિક, ડ્રેનેજ, વર્કશોપ ખાતાઓના તથા વિભિન્ન ઝોનના સ્ટોરમાં / ડેપોમાં જુદા જુદા પ્રકારના, સાઈઝના અને વજનના જે વેસ્ટ મટીરીયલ પડેલા છે તેમાંથી ઉપયોગમાં લઈ શકાય તેવા સ્ક્રેપને છુટા પાડીને એક સ્થળે એકત્રીત કરવામાં આવેલ છે. સુરત શહેર તથા ગુજરાત રાજયના જુદા જુદા વિસ્તારોમાંથી આ પ્રકારની કામગીરી કરતા ૧૦ (દશ) આર્ટીસ્ટોને આમંત્રીત કરી સુરતમાં બોલાવવી તેઓ દ્વારા સ્ક્રેપને ધ્યાને લઈ ડિઝાઈન કરવામાં આવશે અને ત્યારબાદ સ્ક્રપમાંથી જુદી જુદી સાઈઝ તથા આકારના આર્ટીફેકટ / સ્કલ્પચર બનાવવાની કામગીરી કરવામાં આવશે જેમાં શહેર, સંસ્કૃતિ, પ્રકૃતિને લગતા વિષયોને ધ્યાને લઈ કામગીરી કરવામાં આવશે. આ વર્કશોપ / સીમ્પોઝીયમનું આયોજન તથા સંચાલક ક્રિએટીવ એસોસીએટ / પાર્ટનર તરીકે "આર્ટ જેન"ના શ્રી સુનીલ શ્રીધર (સન્નીભાઈ) દ્વારા કરવામાં આવી રહેલ છે.

વર્કશોપના શુભારંભ પ્રસંગે આજરોજ મ્યુનિ. કમિશ્નરશ્રીએ હાજર રહી માર્ગદર્શન આપ્યું હતુ. મેયરશ્રી, પદાધિકારીશ્રીઓ, જુદી જુદી સમિતિના અધ્યક્ષશ્રીઓ એ તેમજ સ્થાનિક મ્યુનિસિપલ સભ્યશ્રીઓ હાજર રહી શુભેચ્છા પાઠવેલ છે અને આર્ટીસ્ટો ધ્વારા તૈયાર કરવામાં આવેલ ડિઝાઈનો નિહાળી સ્કલ્પચર બાબતે તેમના અમુલ્ય સુચનો પણ કરેલા છે.

આ વર્કશોપ ૧૫ (પંદર ) દિવસ માટે સિટી લાઈટ વિસ્તારમાં, સાઈન્સ સેન્ટરની સામે આવેલ મ્યુનિ. વેજીટેબલ માર્કેટના કેમ્પસમાં ચાલનાર છે. "વેસ્ટમાંથી બેસ્ટ" એટલે કે સ્ક્રેપમાંથી સ્કલ્પર કેવી રીતે બનાવવામાં આવે છે તથા આર્ટીફેકટની થતી તબકકાવાર કામગીરી તેની પ્રગતિ

/ વિકાસ કઈ રીતે થાય છે તે રૂબરૂ જોઈ શકાય અને આ પ્રકારની કામગીરીને જાત માહિતી રૂબરૂ સ્થળેથી મળી શકે છે જેનાથી આ પ્રકારની પ્રવૃતિમાં રસ ધરાવતા ઈસમોના જ્ઞાનમાં વર્ધન થશે. શહેરમાં આવેલ જુદી જુદી સંસ્થાઓના સભ્યો, કોલેજના વિદ્યાર્થીઓ, ફેકલ્ટીઓ અને કલારસીક તથા પ્રવૃત્તિ પ્રેમી શહેરીજનોને આ વર્કશોપ અને તેની પ્રગતિને રૂબરૂમાં નિહાળી તેનો લાભ લેવા સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવે છે.




Surat Scrap

# પ્રેસનોટ

## સુમન હાઈસ્કુલ નં.૪ અને સુરત મહાનગરપાલિકાનું ગૌરવનું ગૌરવ

### આશ્ના ચેવલીએ એક ગોલ્ડ મેડલ બે સિલ્વર મેડલ જીત્યા

સુરત મહાનગર પાલિકા સંચાલિત સુમન હાઈસ્કુલ નં.૪ માં ધોરણ –૯ માં અભ્યાસ કરતી વિધાર્થીની આશ્ના ચેવલીએ પૂના ખાતે યોજાયેલ ૩૪ મી સબ–જુનિયર એકવાટિકસ ચેમ્પીયનશીપ ૨૦૧૭ માં પ્રથમ વખત ડાઈવીંગ ચેમ્પીયનશીપ જીતીને નવી શરૂઆત કરી છે.આશ્ના ચેવલી એ ૧ મીટર સ્પ્રીંગ બોર્ડમાં ગોલ્ડ મેડલ,૩ મીટર સ્પ્રીંગ બોર્ડમાં સિલ્વર મેડલ અને હાઈ બોર્ડમાં સિલ્વર મેડલ જીતીને ગુજરાત રાજયનું ગૌરવ વધારવાની સાથે ડાઈવીંગ ગ્રુપ–૧ ની ચેમ્પીયનશીપ જીતી લીધી હતી. આશ્ના ચેવલી નેશનલ લેવલ પર ગુજરાત તરફથી ડાઈવીંગ રમતી પ્રથમ ખેલાડી છે.તેમણે સુમન હાઈસ્કુલ નં.૦૪ અને સુરત મહાનગર પાલિકાનું ગૌરવ વધારેલ છે.

# ડાઈવીંગમાં પ્રથમવાર ગુજરાત ચેમ્પિયન



પૂના ખાતે યોજાયેલ ૩૪મી સબ-જુનિયર એકવાટિકસ ચેમ્પિયનશીન ૨૦૧૭માં સુરતની આશના ચેવલીએ પ્રથમ વખત ડાઈવીંગ ચેમ્પિયનશીપ જીતીને નવી શરૂઆત કરી છે. આશના ચેવલીએ ૧ મીટર સ્પ્રીંગ બોર્ડમાં ગોલ્ડ મેડલ, ૩ મીટર સ્પ્રીંગ બોર્ડમાં સિલ્વર મેડલ અને હાઈ બોર્ડમાં સિલ્વર મેડલ જીતીને ગુજરાત રાજ્યનું ગૌરવ વધારવાની સાથે એકલા હાથે ડાઈવીંગ ગૃપ-૧ ની ચેમ્પિયનશીપ જીતી લીધી હતી. આશના ચેવલી નેશનલ લેવલ પર ગુજરાત તરફથી ડાઈવીંગ રમતી પ્રથમ ખેલાડી છે. હાલ આશના ચેવલી સુમન હાઈસ્કૂલ નં. ૪ માં ધોરણ ૯ માં અભ્યાસ કરે છે.

**"ઈન્ટ.કો.ઓ.ડે"** નિમિત્તે તા.૦૪/૦૭/૧૭નાં રોજ ઈન્ટરનેશનલ કો–ઓપરેટીવ ડે, જે તે વોર્ડમાં આવેલ સોસાયટીઓ, સંસ્થાઓનાં પ્રતિનિધિઓ સાથે સંપર્કમાં રહી વોર્ડમાં મુકવામાં આવેલ મહાનુભાવોની પ્રતિમાઓ, ટ્રાફિક સર્કલની અંદર તેમજ બહારની તથા જાહેર બાગ–બગીચા અને તેમાં આવેલ શૌચાલય, પાણીની ટાંકીઓ, વોટર કુલર, વોટર ફિલ્ટર વિગેરેનાં સાફ–સફાઈ સેગ્રીગેશન અંગે જન–જાગૃતિ અભિયાન કરાવવા બાબત.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/કાર્યક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જુલાઈ ૨૦૧૭ની તા.૦૪/૦૭/૧૭નાં રોજ **"ઈન્ટ.કો.ઓ.ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૪/૦૭/૧૭નાં રોજ ઈન્ટરનેશનલ કો–ઓપરેટીવ ડે, જે તે વોર્ડમાં આવેલ સોસાયટીઓ, સંસ્થાઓનાં પ્રતિનિધિઓ સાથે સંપર્કમાં રહી વોર્ડમાં મુકવામાં આવેલ મહાનુભાવોની પ્રતિમાઓ, ટ્રાફિક સર્કલની અંદર તેમજ બહારની તથા જાહેર બાગ–બગીચા અને તેમાં આવેલ શૌચાલય, પાણીની ટાંકીઓ, વોટર કુલર, વોટર ફિલ્ટર વિગેરેનાં સાફ–સફાઈ સેગ્રીગેશન અંગે જન–જાગૃતિ અભિયાન કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૪/૦૭/૧૭નાં રોજ ઈન્ટરનેશનલ કો.ઓ.ડે ને ધ્યાનમાં રાખીને આરોગ્ય/ગાર્ડન ખાતાનાં સ્ટાફની સંયુકત ટીમ બનાવી આ ટીમ દ્વારા જાહેર રસ્તાઓ તથા ટ્રાફિક સર્કલ ઉપર મૂકવામાં આવેલ મહાનૂભાવોની પ્રતિમાઓ તથા જે તે સર્કલ વિસ્તારોની અંદરનાં ભાગે તથા બહારનાં ભાગે સાફ–સફાઈ કરાવવામાં આવેલ હતી. તથા ગાર્ડન વિભાગ દ્વારા જાહેર બાગ–બગીચાઓમાં આવેલ પાણીની ટાંકીઓ તેમજ બાગ–બગીચામાં આવેલ શૌચાલયો અને પબ્લિક માટે મૂકવામાં આવેલ વોટર કુલર અને વોટર ફિલ્ટરની સાફ–સફાઈ કરવામાં આવેલ હતી. તથા ગાર્ડનમાં ફરવા આવતા જાહેર જનતાને સ્વચ્છતા રાખવા તેમજ સુકા/ભીના કચરાનું સેગ્રીગેશન કરી અલગ–અલગ ડસ્ટબીનમાં રાખવા તેમજ આ કચરાને ડોર ટુ ડોર નાં વાહનને અલગ–અલગ આપવા માટેનું આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

| સફાઈ કરવામાં આવેલ | | | સુપરવાઈઝર | કામદાર | સેગ્રીગેશન અંગે સમજ આપવામાં આવેલ વ્યકિતઓની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ટ્રાફિક સર્કલો | મહાનુભાવોની પ્રતિમાઓ | બાગ–બગીચાઓમાં આવેલ શૌચાલયો, પાણીની ટાંકીઓ | | | |
| ૫૩ | ૩૨ | ૩૧ | ૨૭ | ૯૨ | ૭૯૦ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા

# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૦૪/૦૭/૧૭ તથા તા.૦૫/૦૭/૧૭ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૪(રૂંઢ–મગદલ્લા)માં ઓ.એન.જી.સી.બ્રીજ પાસે સુરત–ડુમસના ૬૦.૦૦ મી.ના ટી.પી.રોડને લાગુ મૂળખંડ નં.૪૭ ને નાગેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટની માલિકીની જગ્યામાં આવેલ મંદિર, વોચમેન કેબીન, કમ્પાઉન્ડ વોલ તથા મેઈન ગેટ સહિતના પાકા બાંધકામો જે ૬૦.૦૦ મી.ના ટી.પી.રસ્તાની કપાતમાં આવતા હોય તથા તે સિવાયનો રસ્તો સ્થળે ખુલ્લો હોવાથી ઉપરોકત સ્થળે બોટલનેકની પરિસ્થિતિ સર્જાયેલ હતી તથા તેને કારણે બી.આર.ટી.એસ.રૂટનો આ મુખ્ય રસ્તો પુરેપુરી પહોળાઈમાં બની શકતો ન હતો. જે ઉપરોકત મિલ્કતના ટ્રસ્ટીઓના સાથસહકારથી તા.૦૪/૦૭/૧૭ ના રોજ અત્રેથી રસ્તાના દબાણમાં આવતા ઉકત મુજબના પાકા બાંધકામો દૂર કરી રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે. સદર રસ્તો ખુલ્લો થતાં બી.આર.ટી.એસ.રૂટની બાકી રહેલ કામગીરી સરળતાથી પૂર્ણ કરી શકાશે.
- વધુમાં ટી.પી.સ્કીમ નં.૫(વેસુ–ભીમરાડ)માં વી.આઈ.પી.રોડ પાસે મારવેલા કોરીડોર કોમ્પલેક્ષની પાછળ, ટી.આર.સ્કીમ મુજબના "સેલ ફોર કોમર્શીયલ" તરીકેના હેતુસરના ફા.પ્લોટ નં.૧૦૧ વાળી રીઝર્વેશન હેઠળની જમીનમાં કેટલાંક કાચા ઝુપડાઓ ઉભા થયેલ હોવાનું ધ્યાને આવતાં આજ તા.૦૫/૦૭/૧૭ ના રોજ સદર જમીનમાંથી પાટીયા/પેઢીયા તથા પતરાના છાપરાવાળા આશરે ૬૭ ઝુપડાના દબાણો દૂર કરી રીઝર્વેશનનો ઉકત પ્લોટ ખુલ્લો કરવામાં આવેલ છે.
- વધુમાં મીશન હોસ્પીટલ, સ્કેટ એન્જીનીયરીંગ કોલેજ થઈ અઠવા ગેટ થી કારગીલ ચોક થઈ પીપલોદ મેઈન રોડ તથા ઉધના–મગદલ્લા રોડ, અણુવ્રત દ્વાર સુધીના રસ્તા પરના લારી–ગલ્લા તથા પાર્લે પોઈન્ટ તેમજ અણુવ્રત દ્વાર ફલાય ઓવરબ્રીજની નીચેના હંગામી દબાણો દૂર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી એડી.સીટી ઈજનેરશ્રી(સીવીલ)ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ તથા દબાણ સ્ટાફ દ્વારા અત્રેના સીકયોરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

**:: પ્રેસનોટ ::**

પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત
" શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા" તથા દિવ્યાંગ વ્યકિતઓની "તરણ સ્પર્ધા"

વિષય : રૂસ્તમપુરા તરણકુંડ ખાતે તા.૦૫/૦૭/૨૦૧૭ના રોજ યોજાયેલ પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત **"શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા" તથા દિવ્યાંગ વ્યકિતઓની "તરણ સ્પર્ધા"**

પૂ.શ્રીમોટા, હરિઃૐ આશ્રમ પ્રેરિત અને સુરત મહાનગરપાલિકા સંચાલિત "શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા" તથા શહેરના ૧૩ થી ૫૦ વર્ષની વયના દિવ્યાંગ વ્યકિતઓની પુરૂષ વિભાગમાં "તરણ સ્પર્ધા" તા.૦૫/૦૭/૨૦૧૭ને બુધવારના રોજ સવારે ૭.૩૦ કલાકે રૂસ્તમપુરા તરણકુંડ, આશાપુરી માતાના મંદિરની બાજુમાં, રૂસ્તમપુરા મેઈન રોડ, સુરત ખાતે યોજવામાં આવી હતી. બાળકો અને કિશોર–કિશોરીઓમાં સાહસવૃત્તિ વિકસે, બહાદુરી પ્રગટે અને સ્પોર્ટસ્ પ્રતિ રસ–રૂચિ કેળવાય તેવા હેતુથી પ્રતિ વર્ષ યોજાતી આ બાળતરણ સ્પર્ધાનો શુભારંભ તા.૦૫/૦૭/૨૦૧૭ના રોજ સવારે માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી અનિલભાઈ બિસ્કીટવાલા, લાઈટ એન્ડ ફાયર સમિતિના અધ્યક્ષશ્રી પિયુષભાઈ જરીવાલા તથા હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રી કનૈયાભાઈ છત્રપતિ, શ્રી મહેન્દ્રભાઈ લાપસીવાલાએ ઝંડી ફરકાવી કરાવ્યો હતો. તરણ સ્પર્ધામાં કિશોર અને કિશોરીઓના ૯ થી ૧૧ વર્ષ અને ૧૧ થી ૧૩ વર્ષના વયગૃપ મળી ૪ ગૃપ અને દિવ્યાંગ વ્યકિતઓના પુરૂપ વિભાગ મળી કુલ ૫ ગૃપમાં ૧૦૦થી વધુ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધાને અંતે નીચે મુજબના વિજેતાઓ જાહેર થયા હતા.

**શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા**

| વિજેતા ક્રમ | છોકરાઓ | | છોકરીઓ | |
|---|---|---|---|---|
| | અ<br>૯ થી ૧૧ વર્ષ | બ<br>૧૧ થી ૧૩ વર્ષ | ક<br>૯ થી ૧૧ વર્ષ | ડ<br>૧૧ થી ૧૩ વર્ષ |
| **પ્રથમ** | માલવ પી. સારંગ | મધુર એન. જૈન | મહેક ડી.ચોપરા | ધરા આર. પટેલ |
| **દ્વિતિય** | નમ્ર આર. પટેલ | રૂદ્ર બકુલભાઈ સારંગ | મોદી ભૂમિ જી. | અનન્યા એ. જોષી |
| **તૃતિય** | કુંજ એચ. દેસાઈ | તીર્થ એસ. ભાણવડીયા | જાનવી દેવાંગ દોરીવાલા | વૃતિકા વી.સુતરીયા |
| **આશ્વાસન** | વાડીવાલા મો. તુરાબ | જાગીરદાર વેદાંત એચ. | ––– | ––– |
| | ભાર્ગવ એમ. સારંગ | કરન એમ. નાગપુરે | ––– | ––– |

**દિવ્યાંગ વ્યકિતઓની તરણ સ્પર્ધા**

| વિજેતા ક્રમ | વિજેતાના નામ (પુરૂષ વિભાગ) |
|---|---|
| **પ્રથમ** | અબીઝર અમ્માર દોડીયા |
| **દ્વિતીય** | જયનીશ કે. સારંગ |
| **તૃતીય** | હર્ષકુમાર એચ. વાવડીયા |
| **આશ્વાસન** | અશોક આર. રાણા |

પૂજય શ્રીમોટાએ આપેલ "ગુરૂજી"ના હુલામણા નામે લોકપ્રિય એવા શ્રી ચીમનલાલ ત્રિભોવનદાસ લાપસીવાલા તરણ પ્રવૃત્તિમાં ખુબ જ ખ્યાતનામ હતા અને તેથી જ તેમના નામે યોજાતી આ બાળતરણ સ્પર્ધાના વિજેતાઓ અને દિવ્યાંગ વ્યકિતઓની તરણ સ્પર્ધાના વિજેતાઓને ઉપસ્થિત મહાનુભવોના હસ્તે

રોકડ પુરસ્કાર, ટ્રોફી, વિજેતા પ્રમાણપત્ર અને હરિઃૐ આશ્રમ તરફથી પુસ્તક એનાયત કરી સન્માનવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ, હરિઃૐ આશ્રમના પ્રતિનિધિશ્રીઓ તરફથી પૂજય શ્રીમોટાની પુસ્તિકા તથા કેલેન્ડર આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, વાલીઓ અને રમતપ્રેમી નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બાળતરણવીરો અને દિવ્યાંગ સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.






સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

## યુ.સી.ડી વિભાગ

## અખબારી યાદી

**સુરત મહાનગરપાલિકા વરાછા ઝોન વિસ્તારમાં તારીખ:૦૫/૦૭/૨૦૧૭ ના રોજ યોજાયેલ સેવા-સેતુ કાર્યક્રમની વિગત.**

વિષય : તા:૦૫/૦૭/૨૦૧૭ નાં રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન વલ્લભાચાર્ય કોમ્યુનિટી હોલ, વલ્લભાચાર્ય રોડ, ટી.પી.નં ૧૫, એફ.પી.નં ૧૧૧/એ, (અશ્વિનિકુમાર થી હીરાબાગ રોડ, બી.આર.ટી.એસ) વરાછા, સુરત ખાતે યોજાયેલ સેવાસેતુની વિગત

રાજ્ય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકોપયોગી યોજનાઓ, પ્રવૃતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યનાં વહીવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યક્તિલક્ષી યોજનાઓનો સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા. ૦૫/૦૭/૨૦૧૭ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન વલ્લભાચાર્ય કોમ્યુનિટી હોલ, વલ્લભાચાર્ય રોડ, ટી.પી.નં ૧૫, એફ.પી.નં ૧૧૧/એ, (અશ્વિનિકુમાર થી હીરાબાગ રોડ, બી.આર.ટી.એસ) વરાછા, સુરત ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા “સેવાસેતુ કાર્યક્રમ”નું આયોજન કરવામાં આવેલ હતુ.

જેમા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. અને આંગણવાડીની બાળાઓ દ્વારા મહાનુંભાવોનું પુસ્તકથી સ્વાગત કરવામાં આવેલ. કાર્યક્રમનાં સંદર્ભમાં આવકાર પ્રવચન આપતા શાશકપક્ષનાં નેતા શ્રી ગીરજાશંકર મિશ્રાએ જણાવેલ કે, ગુજરાતે જ્યારે સમગ્ર વિશ્વમાં પોતાની ઓળખ બનાવી છે, ત્યારે સેવાસેતુ કાર્યક્રમના આયોજનનો નવતર અભિગમ ખુબ જ આવકારદાયક છે. પંડિત દિનદયાળ ઉપાધ્યાયજીનાં સિંધ્ધાતને આગળ વધારીને માન. વડાપ્રધાનશ્રી દ્વારા આ વર્ષને “ગરીબ કલ્યાણ વર્ષ”

તરીકે ઉજવણી થઇ રહેલ છે, ત્યારે એક જ છત નીચે તમામ પ્રકારની સેવાઓ નાગરીકોને મળી રહે છે જેને કારણે સેવાસેતુ કાર્યક્રમ ખુબજ લોકપ્રિય રહેલ છે.

ધારાસભ્યશ્રી કુમારભાઇ કાનાણીએ પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવ્યુ હતુ કે, સેવાસેતુ કાર્યક્રમ રાજ્ય સરકારનો સૌથી સફળ કાર્યક્રમ રહ્યો છે. લોકોને વિવિધ પ્રમાણપત્રો મેળવવા પહેલા વિવિધ કચેરીઓમાં ધક્કા ખાવા પડતા હતા મીની ભારત ગણાતા સુરત શહેરમાં લોકોના દ્વારપર સેવાસેતુ કાર્યક્રમ થકી પહોંચી લોકોને વિવિધ યોજના માટે જરૂરી પ્રમાણપત્રો પુરા પાડ્યા છે. સાંસ્કૃતિક રાષ્ટ્રવાદને વરેલી રાજય સરકાર લોકોની જરૂરીયાતો માટે પુરતી સંવેદનશીલ છે. અને લોકોની જરૂરીયાત સંતોષવા હંમેશા તૈયાર છે.

આ સેવાસેતુ કાર્યક્રમમાં માન, મેયરશ્રી શ્રીમતી અસ્મીતાબેન પી. શિરોયા ડે, મેયરશ્રી શંકરલાલ ચેવલી, સાશકપક્ષ નેતાશ્રી, ગીરજાશંકર મીશ્રા ધારાસભ્યશ્રી, કિશોરભાઇ કાનાણી અને શ્રી જનકભાઇ બગદાણાવાળા, મ્યુ. સદસ્યશ્રી શ્રીમતી કૈલાસબેન ભાલીયા, શ્રીમતી મમતાબેન સવાણી, શ્રી ભાવેશભાઇ ગુંગળીયા અને શ્રી કાંતીભાઇ બલર કાર્યક્રમમાં ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહીત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે તે મહેસુલ વિભાગ, જીલા ઉધોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ, આર.ટી.ઓ તથા સુરત મહાનગરપાલિકાનાં ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ વિભાગ, વિવિધ બેંકો શ્રમિક કલ્યાણ બોર્ડ, વગેરે દ્વારા **કુલ ૭૫ ટેબલ** અને **૧૫ કાઉન્ટર** ગોઠવી જેમા દિવસ દરમ્યાન **કુલ : ...........**લાભાર્થીઓએ આવકનો દાખલા, ક્રિમીલેયર સર્ટી, પંચનામા, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઇ બેન્કેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી, માં વાત્સલ્ય, માં અમૃતમ કાર્ડ, જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યક્ત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ :સેવાસેતુ કાર્યક્રમ”નાં આયોજનનો વિસ્તારના રહીશો દ્વારા ખુબજ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.





૩૨૨

**"ઈન્ટ.કો.ઓ.ડે" નિમિત્તે તા.૦૫/૦૭/૧૭નાં રોજ જાહેર સ્થળો, ઓફિસો, સરકારી/અર્ધસરકારી સંસ્થાઓ, શાળા/કોલેજ, હોસ્પિટલો વિગેરેની આસપાસ પ્રતિબંધિત વિસ્તારમાં તમાકુ, ગુટખા, પાન મસાલા, બિડી, સિગરેટ તથા અન્ય તમાકુની બનાવટોનાં વેચાણ તથા જાહેરમાં થુંકવા પર પ્રતિબંધને લગતી કામગીરી બાબત.**

# સુરત [illegible]ાલિકા
# જાહેર આરોગ્ય વિભાગ
# સ્વચ્છ ભારત અભિયાન
# <u>પ્રેસનોટ</u>

મહાત્મા ગાંધીજીની સને–૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦મી જન્મજયંતિ અંતર્ગત "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ/ર્કાયક્રમો/પ્રવૃતિઓ અમલમાં મુકી સ્વચ્છ ભારત દેશને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવામાં આવનાર છે.

માહે જુલાઈ ૨૦૧૭ની તા.૦૪/૦૭/૧૭નાં રોજ **"ઈન્ટ.કો.ઓ.ડે"** નિમિતે સરકારશ્રી દ્વારા તા.૦૫/૦૭/૧૭નાં રોજ જાહેર સ્થળો, ઓફિસો, સરકારી/અર્ધસરકારી સંસ્થાઓ, શાળા/કોલેજ, હોસ્પિટલો વિગેરેની આસપાસ પ્રતિબંધિત વિસ્તારમાં તમાકુ, ગુટખા, પાન મસાલા, બીડી, સિગરેટ તથા અન્ય તમાકુની બનાવટોનાં વેચાણ તથા જાહેરમાં થુંકવા પર પ્રતિબંધને લગતી કામગીરી કરવા જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૦૫/૦૭/૧૭નાં રોજ તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારીશ્રી ધ્વારા આરોગ્ય, N.G.O., કોર્પોરેટર કંપનીઓ અને સ્વૈચ્છિક સંસ્થાની સંયુકત ટીમો બનાવી આ ટીમ દ્વારા ઝોનમાં આવેલ જાહેર સ્થળો, સરકારી/અર્ધસરકારી સંસ્થાઓ, શાળા, કોલેજો, હોસ્પિટલો વિગેરેની આજુબાજુ આવેલ દુકાનો, લારી–ગલ્લાવાળાઓનાં વેચાણકર્તાઓને ત્યાં પ્રતિબંધિત વિસ્તારમાં તમાકુ, ગુટખા, પાન મસાલા, બીડી, સિગરેટ તથા અન્ય તમાકુની બનાવટોનું વેચાણ કરવામાં આવે છે કે કેમ તે બાબતે ધનિષ્ઠ ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. જે વેચાણકર્તાઓને ત્યાં પ્રતિબંધિત તમાકુ, ગુટકા, પાન મસાલા, બીડી, સિગરેટ તથા અન્ય તમાકુ બનાવટોનું વેચાણ કરતા માલુમ પડેલ તે સ્થળએથી ઉપરોકત પ્રતિબંધિત ચીજવસ્તુઓ જપ્ત કરવાની કાર્યવાહી કરી વેચાણકર્તાઓને નોટીસ પાઠવી વહીવટીચાર્જ વસુલ કરવામાં આવેલ હતો. આ કામગીરી સાથે જાહેરમાં થુંકવા પર પ્રતિબંધને લગતી કાર્યવાહી પણ કરવામાં આવેલ હતી.

| ચેક કરેલ સંસ્થા | જપ્ત કરેલ તમાકુ પ્રોડકટસ (તમાકુ, બીડી, ગુટખા, પાન મસાલા, સિગરેટ) | નોટીસ | ઝડપાયેલ ઈસમ | વસુલ કરેલ વહીવટી ખર્ચ |
|---|---|---|---|---|
| ૧૯૭ | ૩૩૯ | ૩૬ | ૭૭ | ૨૨,૮૦૦ |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# :: પ્રેસનોટ ::

## "અલુણાવ્રત ઉજવણી નિમિત્તે યોજાયેલ મહેંદી સ્પર્ધા"

વિષય : અલુણાવ્રત ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૬/૦૭/૨૦૧૭ના રોજ મલ્ટી પર્પઝ હોલ, કતારગામ ખાતે યોજાયેલ મહેંદી સ્પર્ધા

ભારતીય સંસ્કૃતિમાં બાલિકાઓ, કન્યાઓ અને મહિલાઓ માટે જ વિશેષરૂપે યોજાતા અલુણાવ્રત ઉત્સવને જીવંત અને ધબકતો રાખવાના ઉમદા હેતુસર અલુણાવ્રત્ત ઉત્સવ શરૂ થવા પૂર્વે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૬/૦૭/૨૦૧૭ના રોજ સવારે ૦૯.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધા, બપોરે ૧૨.૦૦ કલાકે અને માધ્યમિક વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધા તથા બપોરે ૩.૦૦ કલાકે ખુલ્લા વિભાગની સાદી અને અરેબિક મહેંદી સ્પર્ધા મલ્ટી પર્પઝ હોલ, સીંગણપોર, કતારગામ, સુરત ખાતે યોજવામાં આવી હતી. આ પ્રસંગે માન.મેયરશ્રી અસ્મિતાબેન પી. શિરોયા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, નગર નિયોજન સમિતિ અધ્યક્ષશ્રી વિનોદભાઈ મોરડીયા તથા અન્ય મહાનુભાવોના વરદ્ હસ્તે દિપ પ્રાગ્ટય કરી સ્પર્ધાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. બાળકોમાં રહેલી સુષુપ્ત શકિતને બહાર લાવવા અને સાંસ્કૃતિક વારસાના જતન અને સંવર્ધન માટે સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં નગરજનોને ભાગ લેવા હિમાયત કરી હતી. ભારતીય પરંપરામાં શુકન ગણાતી હાથે મહેંદી મુકવાની પ્રણાલીને અનુસરતા શહેરની પ્રાથમિક, માધ્યમિક શાળાઓની ૮૫૦થી વધુ વિદ્યાર્થીનીઓએ તથા ખુલ્લા વિભાગમાં ૧૦૦૦થી પણ વધુ સ્પર્ધકોએ સાદી મહેંદી અને અરેબિક મહેંદી સ્પર્ધામાં ભાગ લઈ અવનવી ડિઝાઈનમાં હાથે મહેંદી મુકી હતી. સ્પર્ધામાં નીચે મુજબના વિજેતાઓ જાહેર થયા હતા.

| વિજેતા | પ્રાથમિક વિભાગ | | માધ્યમિક વિભાગ | |
|---|---|---|---|---|
| | સાદી મહેંદી | અરેબિક મહેંદી | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
| પ્રથમ | નારીગરા નેન્સી પરેશભાઈ | પરોણાવાલા મહેક એન. | વોરા જીજ્ઞા ચંદ્રકાંતભાઈ | ઘોઘારી આરતી નરોત્તમભાઈ |
| દ્વિતીય | શેખ શબાના અબ્દુલ રઝાક | શેખ આલિયાબાનુ કમરૂદ્દીન | અકબરી ખુશ્બુ દીનેશભાઈ | સાયકલવાળા ફાતેમાબાનુ મો.ઈલ્યાસ |
| તૃતીય | બામભણીયા સોનલ રણસીભાઈ | પાટીલ ભાવના મોતીરામ | ઘોઘારી અમીષા નંદકિશોરભાઈ | ખેની નેન્સી સુરેશભાઈ |

| વિજેતા | ખુલ્લો વિભાગ | |
|---|---|---|
| | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
| પ્રથમ | જરીવાળા ભૂમિકા મેહુલ | કાકલોત્તર નિકીતા કાળુભાઈ |
| દ્વિતીય | મમતા પી.ધોન્ડે | કલ્પનાબેન જયેશભાઈ સુમેસરા |
| તૃતીય | નિશી એ.દલાલ | મોનાલી ચતુરભાઈ ઢોલરીયા |

પ્રથામિક, માધ્યમિક અને ખુલ્લા વિભાગમાં યોજાયેલ મહેદી સ્પર્ધાના વિજેતાઓ ઉપરાંત આશ્વાસન વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, અન્ય મહાનુભાવો તથા નિર્ણાયકશ્રીઓના વરદહસ્તે પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને સ્મૃતિભેટ આપવા આવી હતી. સ્પર્ધામાં શિક્ષકો, વાલીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે નીચે જણાવેલ સ્થળ અને સમયે યોજાનાર સ્પર્ધાઓમાં રજીસ્ટ્રેશન કરાવેલ તમામ સ્પર્ધકોએ સમયસર ઉપસ્થિત રહેવા નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને નિમંત્રણ છે.

| ક્રમ | તારીખ / વાર | સાય | સ્પર્ધા | વિભાગ | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | ૦૭/૦૭/૨૦૧૭ શુક્રવાર | બપોરે ૩.૦૦ કલાકે | આરતી શણગાર સ્પર્ધા | પ્રાથમિક અને માધ્યમિક વિભાગ | ડો.શ્યામાપ્રસાદ મુખરજી હોલ, ડી.આર.વર્લ્ડની સામે, ડુંભાલ, સુરત |
| ૨ | ૦૮/૦૭/૨૦૧૭ | સવારે ૧૧.૦૦ | ગોરમાગીત | પ્રાથમિક વિભાગ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | શનિવાર | કલાકે | સ્પર્ધા | | પરફોર્મીગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત. |
| ૩ | ૧૩/૦૭/૨૦૧૭ ગુરૂવાર | સવારે ૧૦.૦૦ કલાકે | વર્ષાગીત સ્પર્ધા | માધ્યમિક વિભાગ | |
| | | બપોરે ૧૨.૦૦ કલાકે | | પ્રાથમિક વિભાગ | |



અલુણાવ્રત ઉજવણી નિમિતે સુરત મહાનગરપાલિકા દ્વારા મલ્ટી પર્પઝ હોલ, કતારગામ ખાતે તા.૦૬/૦૭/૨૦૧૭ના રોજ આયોજીત મહેંદી સ્પર્ધામાં દિપ પ્રાગ્ટય કરતા મા.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા અને અન્ય મહાનુભાવો, મહેંદી સ્પર્ધાના વિજેતાને પુરસ્કૃત કરતા સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહ તથા ભાગ લઈ રહેલા સ્પર્ધકો દ્રશ્યમાન છે.

# <u>પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકા આયોજિતવિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.

ચોમાસાનીૠતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે.જેથી શહેરી જનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭થી દર વર્ષે જુદા–જુદા ઝોનવિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.આમ ૨૦૦૭ થી ૨૦૧૬ દરમ્યાન કુલ ૧૩૫ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા છે.

સને ૨૦૧૭ નો આ પ્રથમ મેડીકલ કેમ્પતા.૦૮/૦૭/૨૦૧૭ને શનિવારનાં રોજ અલથાણ શહેરી આરોગ્ય કેન્દ્ર,એસ.એમ.સી.સ્ટાફ કવાર્ટરની સામે,અલથાણ–ભટાર રોડ,સુરત ખાતે વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે.જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશેતેમજ જરૂરીયાત મંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગો દ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચઆઈવી તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ,ફાઈલેરીયા,મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારા આરોગ્ય શિક્ષણ તથા સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડયુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્યવિભાગ તરફથી વિનંતી કરવામાં આવે છે.

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૩૦/૦૬/૨૦૧૭ થી તા.૦૬/૦૭/૨૦૧૭ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૩૨૭ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૧૧૯ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૮૮ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૨ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૧ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૩૨ |

## –: પ્રેસનોટ :–

### સુરત મહાનગરપાલિકા આયોજીત આરતી શણગાર સ્પર્ધા

ભારતીય સંસ્કૃતિ એટલે જીવનનાં દરેક કર્મને ધર્મ સાથે જોડતી સંસ્કૃતિ. ભકિત કે ઉપાસના માત્ર મોક્ષ, આધ્યાત્મિકતા કે પુણ્ય માટે જ નથી થતી. પરંતુ જીવનની સુખ–સમૃદ્ધિ અને ઈચ્છાઓ પૂર્તિ માટે પણ થાય છે. ભારતીય સંસ્કૃતિમાં બાલિકાઓ, કન્યાઓ અને મહિલાઓ માટે જ વિશેષરૂપે યોજાતા અલુણાવ્રત્ત ઉત્સવ શરૂ થવા પૂર્વે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૦૭/૦૭/૨૦૧૭ના રોજ બપોરે ૦૩.૦૦ કલાકે આરતી શણગાર સ્પર્ધા ડો.શ્યામાપ્રસાદ મુખરજી હોલ, ડી.આર.વર્લ્ડની સામે, ડુંભાલ, સુરત ખાતે યોજવામાં આવી હતી. પ્રાથમિક અને માધ્યમિક એમ બે વિભાગમાં યોજાયેલ આ આરતી શણગાર સ્પર્ધામાં શહેરની પ્રાથમિક અને માધ્યમિક શાળાના ૩૫૦ જેટલા સ્પર્ધકોએ ઉમંગભેર ભાગ લઈ આરતીની થાળીઓને અવનવી ડિઝાઈનોમાં શણગારી ઉપસ્થિતોના મનમોહી લીધાં હતાં. સ્પર્ધામાં નીચે મુજબના સ્પર્ધકો વિજેતા જાહેર થયા હતા.

| **પ્રાથમિક વિભાગ** | | |
|---|---|---|
| **વિજેતા ક્રમ** | **નામ** | **શાળા** |
| પ્રથમ | માણીયા આયુષી રાજેશભાઈ | રામકૃષ્ણ વિદ્યાભવન |
| દ્વિતીય | ચૌહાણ હેતલ અમૃતભાઈ | કસ્તુરબા ગાંધી ન.પ્રા.શા.નં.૧૮૩ |
| તૃતીય | ધોડાદરા હિત કાન્તીભાઈ | શ્રીમતી એસ.એચ.લોખંડવાલા પ્રા.શા |
| આશ્વાસન | આંબલીયા ઋચા ભાવેશભાઈ | એચ.પી.દેસાઈ પ્રાયમરી સ્કુલ |
| | જાદવ નંદની ગોવિંદભાઈ | લોકમાન્ય ટીળક પ્રાથમિક શાળા |
| | શાહ રીયા પ્રશાંતભાઈ | એચ.પી.દેસાઈ પ્રાથમિક શાળા |
| | વૈષ્ણવ ખુશી પ્રદીપભાઈ | આર.એસ.દેસાઈ પ્રાયમરી ઈ.મી.શાળા |
| | ધીવાળા કૃષ્ણા સંજયભાઈ | એલ.એચ.બોઘરાવાલા શિશુવિહાર |
| | તેજલ જીતેન્દ્રભાઈ પટેલ | વી.એફ. શાહ પ્રાયમરી શાળા |
| | નિધિ અલ્પેશકુમાર સીંગાપુરી | શેઠશ્રી પી.એચ.બચકાનીવાલા |
| | મોરડીયા મૈત્ર જયંતિભાઈ | વી.એફ. શાહ પ્રાયમરી શાળા |
| | વરીયા દક્ષ રાજેશભાઈ | શ્રીમતી એસ.એચ.લોખંડવાલા પ્રા.શા |
| **માધ્યમિક વિભાગ** | | |
| **વિજેતા ક્રમ** | **નામ** | **શાળા** |
| પ્રથમ | હિરપરા પીનલ અરવિંદભાઈ | પી.પી.સવાણી વિદ્યાભવન |
| દ્વિતીય | રાણા બિનીતા વિજયભાઈ | શેઠશ્રી પી.એચ.બચકાનીવા |
| તૃતિય | પટેલ ડિમ્પુ આનંદભાઈ | શેઠશ્રી પી.એચ.બચકાનીવા |
| આશ્વાસન | બામભણીયા દ્રષ્ટિ પ્રકાશભાઈ | એચ.પી.બી. દેસાઈ હાઈસ્કુલ |
| | પાંડવ હિરવા પરેશભાઈ | સુમન હાઈસ્કુલ નં. ૩ |
| | પ્રજાપતિ યશ રમેશભાઈ | સુમન હાઈસ્કુલ નં. ૩ |
| | ઐવયા ધાર્મી કિશોરભાઈ | પી.પી. સવાણી વિદ્યાભવન |
| | પાટીલ રૂષાલી પ્રવિણભાઈ | સુમન હાઈસ્કુલ નં. ૧૨ |

આરતી શણગાર સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, અન્ય મહાનુભાવો તથા નિર્ણાયકશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને સ્મૃતિભેટ આપવા આવી હતી. આ સ્પર્ધામાં મા.મેયરશ્રી અસ્મિતાબેન શિરોયાએ ખાસ ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત શિક્ષકો, વાલીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

અલુણાવ્રત ઉજવણી નિમિત્તે નીચે જણાવેલ સ્થળ અને સમયે યોજાનાર સ્પર્ધાઓમાં રજીસ્ટ્રેશન કરાવેલ તમામ સ્પર્ધકોએ સમયસર ઉપસ્થિત રહેવા નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને નિમંત્રણ છે.

| ક્રમ | તારીખ / વાર | સમય | સ્પર્ધા | વિભાગ | સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | ૦૮/૦૭/૨૦૧૭ શનિવાર | સવારે ૧૧.૦૦ કલાકે | ગોરમાગીત સ્પર્ધા | પ્રાથમિક વિભાગ | પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી– ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત. |
| ૨ | ૧૩/૦૭/૨૦૧૭ ગુરૂવાર | સવારે ૧૦.૦૦ કલાકે | વર્ષાગીત સ્પર્ધા | માધ્યમિક વિભાગ | |
| | | બપોરે ૧૨.૦૦ કલાકે | | પ્રાથમિક વિભાગ | |